NJCT
OPEN LEARNING RESOURCE PLATFORM
Initiative By NJ Charitable Trust

# चित्त THE CONSCIOUS BEING

JUL 2021

## સંપાદકીય

**चित्त the Conscious Being** ની દુનિયામાં આવકારતા આનંદની લાગણી અનુભવીએ છીએ. આ સફરની શરૂઆત ગત માસથી કરી છે, આ સફરને આપ સૌ સાથે માણવી છે.

શિક્ષક તરીકે આપણે મગજ - BRAIN વિશે જાણવું જરૂરી છે. હમણાં એક રિસર્ચ પબ્લિશ થયું, જેનો વિષય શિક્ષકની મગજ વિશેની જાણકારી હતો. આ સર્વે યુકે, ગ્રીસ, ટર્કી, હોલેન્ડ અને ચીનના શિક્ષકો પર કરવામાં આવ્યો. તેની કેટલીક રસપ્રદ માહિતી આપ સૌને આપવા માંગુ છું :

- મગજ "પ્લાસ્ટિક" છે અને સતત બદલાતું રહે છે. વર્ગખંડમાં જે બને છે તે બધું બાળકોના મગજને શારિરીક રીતે બદલી નાખે છે. આ આશ્ચર્યજનક  પ્લાસ્ટિસિટીનો લાભ લેવા શિક્ષકોને વધુ જાણવાની જરૂર છે.
- શીખવું એ નેટવર્ક અથવા નકશામાં ન્યુરોન્સ વચ્ચે જોડાણો બનાવવા અને તેને મજબૂત બનાવવું છે. તે એક જૈવિક પ્રક્રિયા છે.
- ત્યાં વિવિધ પ્રકારની મેમરી છે અને તે માટે વિવિધ પ્રકારની સૂચના આવશ્યક છે.
- શારીરિક વ્યાયામ અને ઊંઘ મગજના વિકાસ અને સમજશક્તિ પર જબરદસ્ત અસર કરે છે. સક્રિય શારીરિક પ્રવૃત્તિ માટે દિવસમાં સમય નક્કી કરવું તે જ્ઞાનાત્મક વિકાસ માટે ખૂબ મહત્વનું છે.
- બાળકની જ્ઞાનાત્મક શક્તિઓ અને નબળાઇઓ સમજવી અને તેમની જ્ઞાનાત્મક ક્ષમતા વધારવામાં અને શિક્ષણને વેગ આપવા અને વિદ્યાર્થીઓને  મદદ કરવું એ (માત્ર વિષય ની માહિતી આપવા કરતાં) મહત્વનું કાર્ય છે.

મને પોતાને એવું લાગે છે કે આપણે વધુ સર્જનાત્મક અને મૌલિક બનવાની જરૂર છે, ખાસ કરીને વિદ્યાર્થીઓને સૂચના આપતી વખતે, તેમના માટે અસાઈન્મેન્ટ તૈયાર કરતી વખતે, તેમની સાથે નવી માહિતી વિશે વાત કરવામાં. અને તો જ કદાચ મગજની પ્લાસ્ટિસિટીનો લાભ મેળવી શકીશું. ન્યુરોસાયન્સ વૈજ્ઞાનિકોનો વિષય છે ; શિક્ષકો દૂર રહેવું જોઈએ. આ એક ભ્રામક માન્યતાછે. મગજ એ અંગ છે જે શીખે છે. કેવી રીતે શીખવું તે સમજ્યા વિના ભણાવવું એ 'એન્જિન કેવી રીતે કાર્ય કરે છે તે સમજ્યા વિના કાર બનાવવા જેવું છે.'

## વાર્તા રે વાર્તા...

મોટાભાગના લોકો એમિલી બ્લન્ટને ગોલ્ડન ગ્લોબ-નામાંકિત ફિલ્મ અને સ્ટેજ એક્ટ્રેસ તરીકે ઓળખે છે. જો કે, 7 થી 14 વર્ષની વય વચ્ચે, તેણીએ બોલતી વખતે હકલાતી હતી. તેને એક સરળ વાતચીત કરવા માટે પણ સંઘર્ષ કરવો પડ્યો. "હું એક સ્માર્ટ બાળક હતી અને ઘણું કહેવું હતું, પરંતુ હું તે કહી શકતી નહોતી," ડબલ્યુ(W) મેગેઝિન માટે એક ઇન્ટરવ્યુમાં તેણે જણાવ્યું "મેં ક્યારેય વિચાર્યું નહોતું કે હું હમણાં જે રીતે તમારી સાથે વાત કરું છું તે રીતે ક્યારેય કોઈની સાથે બેસીને વાત કરી શકીશ."

બ્લન્ટ માટે, તે ખાસ કરીને એક જુનિયર શિક્ષક હતા જેમણે તેણીને શાળાના નાટક માં ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરીને બોલવાના તેના ડરને દૂર કરવામાં મદદ કરી હતી. શરૂઆતમાં, બ્લન્ટે આ વિચારનો વિરોધ કર્યો, પરંતુ શિક્ષકે તેણીનો પ્રેમથી સમજાવી અને અભિવ્યક્તિમાં મદદ કરવા માટે અભિનયના પાઠ લેવા અને વિવિધ ઉચ્ચારો અને પાત્ર અવાજો સાથે પ્રયોગ કરવા માટે તેને મનાવી લીધી. અંતે, તેમના પ્રયત્નો ઉગી નીકળ્યા, અભિનેત્રી તરીકેની તેની અતિ સફળ કારકિર્દી ઉપરાંત, તે અમેરિકન ઇન્સ્ટિટ્યૂટ ફોર સ્ટટરિંગના બોર્ડ ઓફ ડિરેક્ટરની સભ્ય પણ બની.

"The influence of teachers extends beyond the classroom, well into the future."
-F. Sionil Jose



## મારી વાત ..

NJCT ના શિક્ષકમિત્રોની ટીમનો **self study** (સ્વ-અધ્યયન) વિશેનો અનુભવ હું તમને જણાવવા માંગુ છું. વિદ્યાર્થીઓ માટે કઈ રીતથી ભણાવવું યોગ્ય છે, એવું શું કરી શકાય જેથી તે આપેલ સમયગાળામાં મહત્તમ અને શ્રેષ્ઠ પ્રયત્ન કરી શકે અને જે તે વિષયવસ્તુનું પૂરતું જ્ઞાન મેળવી શકે. તે માટે અમે અહીં સતત સંશોધન અને વિશ્લેષણ કરતા રહીએ છીએ. તેમાં teaching - learning pattern માં જે ફેરફાર થયો છે, તેને ધ્યાનમાં રાખીને અમે એક પ્રોગ્રામ બનાવ્યો **TASLP (Teacher assisted self learning Program)**. જે અંતર્ગત અમે અમારી website **njtrust.org** ને વિષયવસ્તુથી સમૃદ્ધ બનાવવાનું શરુ કર્યું.

આ પ્રોગ્રામમાં અમે આ વર્ષે એટલે કે શૈક્ષણિક વર્ષ **2021-22** થી self study (સ્વ-અધ્યયન) ઉપર વિશેષ ભાર આપી રહ્યા છીએ. સ્વ-અધ્યયન એ ખરેખર આપણા શિક્ષણની પ્રાચીન પરંપરા જ છે. જેમાં શિક્ષક કે ગુરુના માર્ગદર્શન અને દેખરેખ હેઠળ વિદ્યાર્થીઓ જાતે અભ્યાસ કરતા હતા.

આપણામાંથી પણ દરેકે જીવનમાં ક્યાંક અનુભવ્યું જ હશે કે જે બાબતમાં આપણો રસ હોય તે શીખવવાની જરૂર પડતી નથી. આપણે તે બાબતને લગતા સ્ત્રોત પણ જાતે જ શોધી લઈએ છીએ અને તે બાબત શીખી લઈએ છીએ. આમ જરૂર છે ફક્ત વિદ્યાર્થીઓમાં તેમના વિષયો પ્રત્યે રસ પેદા કરવાનો. બાકી જે તે વિષયની માહિતી માટેના સ્ત્રોત અમે **njtrust.org** પર પૂરા પાડી રહ્યા છીએ. **NJCT** ની મોબાઈલ એપ્લિકેશન પણ play store પર ઉપલબ્ધ છે.

ગયા વર્ષે (2020-21) માં અમે બાળકોને online classes ના માધ્યમથી ભણાવતા હતા. અમે અનુભવ્યું કે ઘણા વિદ્યાર્થીઓ online ભણવાનું પસંદ કરતા ન હતા અથવા તો તેમની પાસે સગવડતા ન હતી. આ વર્ષે અમે એવા વિદ્યાર્થીઓ અને વાલીઓનો વ્યક્તિગત સંપર્ક કરી રહ્યા છીએ અને તેમને **TASLP** પ્રોગ્રામ વિશે સમજાવી તે રીતે અભ્યાસ કરવા પ્રોત્સાહિત કરી રહ્યા છીએ. ગયા વર્ષની સરખામણીએ આ વર્ષના પ્રથમ માસની હાજરીનો આલેખ તમે નીચે જોઈ શકો છો.







દોસ્તો એવું માનું છું કે શિક્ષકે પોતાના અધ્યાપનકાર્યમાં નિતનવા પ્રયોગો કરતાં રેહવું જોઈએ. ચાલો આપણે આવા કોઈ રસપ્રદ કર્યો કરતાં રહીએ.
કોઈએ સરસ કહ્યું છે કે,
Everyday do something that will inch you closer to a better tomorrow.
આમ, આવતીકાલને ઉજ્જવળ બનાવવા તરફનો આ અમારો એક નાનકડો પ્રયાસ છે જેમાં આપ સૌનો સાથ જરૂર મળશે એવી આશા સાથે.
નમસ્કાર.
ભરત આહુજા
(Maths Teacher)
NJCT

## એન જે ડેસ્ક પર ઈ-કન્ટેન્ટ

અધ્યયન માટેનું દિશાદર્શન અને યોગ્ય વાતાવરણનું નિર્માણ તથા જરૂરી સૂચનો દ્વારા વિદ્યાર્થીઓને જાતે શીખતાં કરવું એ એક ઉદ્દેશ છે.
જૂન માસમાં નીચે મુજબ વિષયવસ્તુ Nj ડેસ્ક પર અપલોડ કરવામાં આવ્યું છે.

| Subject | Video Count | Time |
|---|---|---|
| Gujarati | 260 | 22:00:58 |
| B. A. | 16 | 1:53:05 |
| **Total** | **276** | **23:54:03** |

- ગુજરાતી વિષયમાં ધોરણ 1,2,3,5,6 ના વિડિયો આપ સૌ માટે ઉપલબ્ધ છે.
- ધોરણ 11 અને 12 કોમર્સ માટે B.A . વિષયના ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં પ્રથમ પ્રકરણના વિડિયો ઉપલબ્ધ છે.

### સમગ્ર અધ્યયન સામગ્રી ની ઝલક નીચે દર્શાવી છે:

| Subject | Total Videos | Time |
|---|---|---|
| English | 314 | 40:42:01 |
| Env | 241 | 17:08:51 |
| Gujarati | 253 | 22:00:58 |
| Maths | 3135 | 440:03:00 |
| Science | 1260 | 145:02:04 |
| S.S. | 561 | 50:30:46 |
| B.A. | 15 | 1:40:54 |
| History | 348 | 3:06:59 |
| Other | 360 | 24:56:08 |
| **Total** | **6487** | **769:11:41** |

જૂન માસના અંત સુધી 769 થી વધુ કલાકના વિડીયો Nj ડેસ્ક પર ઉપલબ્ધ છે અને આ વિડીયો બનાવવાનુ કાર્ય અવિરત પણે ચાલતું જ રહે છે, જેથી શિક્ષકો અને વિદ્યાર્થીઓને મદદરૂપ થઈ શકાય.
“The duties of a teacher are neither few nor small,but they elevate the mind and give energy to the character."
-Dorothea Dix

## મનને ગમતાં સમાચાર



- લોસ એન્જેલસ ના એક કિન્ડરગાર્ટન શિક્ષક આર્ન કસ્ટરે તેમના વિદ્યાર્થીઓને ડિઝનીલેન્ડની વર્ચ્યુઅલ સફર કરાવી - જેમાં ડિઝનીલેન્ડની પરેડનો વિડિયો,મિકી માઉસનું ચિત્ર દોરવાનું, ડાન્સપાર્ટી, ફટાકડા ફોડવા વગેરે પ્રવૃત્તિઓ સામેલ હતી, જે રીતે વાસ્તવમાં ડિઝનીલેન્ડમાં હોય છે.
- ડોના બિશપે ઓક્લાહોમામાં તેની સ્કૂલના વિદ્યાર્થીઓ માટે એક આઉટડોર લાયબ્રેરી શરૂ કરી.
- તાનિયા ઓલ્સન પાર્કર નામના શિક્ષક દર શુક્રવારે તેમના વિદ્યાર્થીઓ સાથે ઓનલાઇન યોગ કરે છે કારણ કે તે માને છે કે બાળકોનું માનસિક સ્વાસ્થ્ય ખુબ જ મહત્વની બાબત છે.

## વાંચવું ગમશે...



1. **કાર્યક્ષમતાની ભેટ - સંજીવ શાહ**
2. **Saffron Swords by Manoshi**

## એક ચપટી પ્રેરણા

**I saw the angel in the marble and
carved until I set him free.**

**-Michelangelo**

